**ઉમરાળા પોલીસ સ્ટેશન વિસ્તારના ઉમરાળા ટાઉન આવેલમાં  ખાબડી વિસ્તાર માંથી ૦૫ શકુનીઓને રોકડ રૂ ૧૦૯૮૦/- તથા જુગાર ના સાહિત્ય સાથે જુગાર પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી  ઉમરાળા પોલીસ ટીમ.**

મે. પોલીસ અધિક્ષક શ્રી જયપાલસિંહ રાઠૌડ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી આર. ડી.જાડેજા સાહેબની સીધી સુચના આધારે ઉમરાળા પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ શ્રી આર.વી.ભીમાણી સા ની ના માર્ગદર્શન  ઉમરાળા પોલીસ સ્ટાફ પો.સ્ટે વિસ્તારમાં જુગાર ડ્રાઇવ સબબ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કે ઉમરાળા ટાઉન વિસ્તારમાં આવેલ ખાબડી વિસ્તારમાં ખુલી જગ્યામા અમુક  ઇસમો તીનપત્તીનો જુગાર રમે છે તે બાતમીનાં આધારે પો.સ્ટાફના માણસો દ્વારા ઉપરોકત જગ્યાએ રેઇડ કરતા સદરહું જગ્યાએથી કુલ ૦૫ આરોપીઓ મોઢે માસ્ક પહેરેલ ચહેરો ઢંકાયેલ ગોળ કુંડાળું વાળી જુગાર રમતા હોય જેમાં (૧) અજયભાઇ ચંદુભાઇ દોદરીયા જાતે કોળી ઉ.વ ૧૯ ધંધો સાડી નો રહે સુરત હાઉસીંગ અમરોલી રૂમ નં ૫૩૯ મુળ ગામ ઉમરાળા (૨) યોગેશભાઇ હમીરભાઇ ડાભી જાતે અનુ.જાતિ ઉ.વ ૩૪ ધંધો મજુરી રહે ઉમરાળા તા ઉમરાળા જી ભાવનગરવાળો (૩) ગોવિંદભાઇ સવજીભાઇ પરમાર જાતે કોળી ઉ.વ ૪૫ ધંધો ખેતી રહે ઉમરાળા કોળીવાડ તા ઉમરાળાવાળો (૪) કિશોરભાઇ ગોરધનભાઇ પરમાર જાતે કોળી ઉ.વ ૩૪ ધંધો હિરા રહે ઉમરાળા કોળીવાડ તા ઉમરાળાવાળો (૫) પ્રવિણભાઇ શાંતિભાઇ કોલાદરા જાતે કોળી ઉ.વ ૩૪ ધંધો હિરા રહે ઉમરાળા કોળીવાડ તા ઉમરાળા જી.ભાવનગરવા વાળા નાઓ રોક્ડ રૂ ૧૦૯૮૦/- ના તથા જુગારના સાહિત્ય સાથે તથા કુલ મુદ્દામાલ કિ રૂ ૧૦૯૮૦/- સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ તેના વિરૂધ્ધ જુ.ધા. કલમ ૧૨ મુજબ હે.કો.એચ.વી ગોસ્વામી નાઓએ નાઓએ ધોરણસર થવા ફરીયાદ આપેલ

આમ આ કામગીરી ઉમરાળા પો.સ્ટેના પો.સબ.ઇન્સ આર.વી.ભીમાણી તથા હે.કો.એચ.વી.ગોસ્વામી, હે.કો.બી.એચ.વેગડ, પો.કો.યુવરાજસિંહ બી ગોહિલ, પો.કો.યુવરાજસિંહ વી ગોહિલ, પો.કો.જગતસિંહ ગોહિલ તથા ડ્રા પો.કો. ભુપતસિંહ મોરી વિગેરે પો.સ્ટાફના માણસો જોડાયેલ હતા અને પ્રશંસનીય કામગીરી કરેલ હતી.